### પક્ષવિરોધી પ્રવૃત્તિ સામે પંચમહાલ જિલ્લા ભાજપનું સખત વલણ

# બાસ્કા બેઠકની હાર બાદ ભાજપનો કડક દંડ: બે કાર્યકરો પાંચ વર્ષ માટે સસ્પેન્ડ

**બળવો કરીને અપક્ષ ઉમેદવારી કરનાર સામે પગલા**



(પ્રતિનિધિ) હાલોલ, તા.29
હાલોલ તાલુકાની બાસ્કા બેઠક પર થયેલી હાર બાદ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા પક્ષવિરોધી પ્રવૃત્તિ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પક્ષના બે સક્રિય કાર્યકરો રામચંદ્ર રમણલાલ બારીયા તથા તેમના ભાઈ રતિલાલ રમણલાલ બારીયાને પાંચ વર્ષ માટે પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પંચમહાલ જિલ્લા ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંગઠનમાં શિસ્ત જળવાઈ રહે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. બંને કાર્યકરો પાર્ટીમાં સક્રિય અને ઓળખ ધરાવતા હોવા છતાં પક્ષવિરોધી પ્રવૃત્તિ બદલ તેમના વિરુદ્ધ તાત્કાલિક અસરથી કાર્યવાહી કરવામાં આવી છે.

માહિતી મુજબ, અગાઉ ધારાસભાની ચૂંટણી દરમિયાન ભાજપમાંથી ટિકિટ ન મળતા બંનેએ બળવો કરીને અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. આ પગલાને ગંભીર શિસ્તભંગ ગણાવી પક્ષે પાંચ વર્ષ માટે સસ્પેન્શનનો નિર્ણય લીધો છે.

જિલ્લા ભાજપના આ પગલાથી સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે ભવિષ્યમાં પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનાર અથવા અન્ય ઉમેદવારોને સમર્થન આપનાર સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે.

### ફતેપુરા તાલુકા પંચાયતની ૧૮ બેઠકોમાં ભાજપના ફાળે ૭,અપક્ષને ૨,આમ આદમી પાર્ટીને ૫ તથા ૪ કોંગ્રેસ પાર્ટી એ કબજે કરી

# ફતેપુરા તાલુકા પંચાયતની ૧૮ બેઠકો માટે યોજાયેલ ચૂંટણીમાં કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી નહી મળતા રાજકીય ચહલપહલ તેજ બની

(પ્રતિનિધિ) સુખસર, તા.29
ફતેપુરા તાલુકામાં તાલુકા પંચાયતની 18 બેઠકો માટે ભાજપ, કોંગ્રેસ,આમ આદમી પાર્ટી તથા અપક્ષ દ્વારા ચૂંટણીમાં ઝંપલાવતા મતદાન યોજાઈ ગયું.જેનું પરિણામ 28 એપ્રિલના રોજ બહાર આવતા ચૂંટણી જંગમાં ઝંપલાવનાર ચાર પક્ષો પૈકી કોઈ પક્ષને બહુમતી નહીં મળતા તાલુકા પંચાયત બોડી બનાવવા માટે રાજકીય ચહલ પહલ વધી રહી હોવાનું જાણવા મળે છે.અને ફતેપુરા તાલુકા પંચાયત બોડી બનાવવા માટે વિવિધ ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે.પરંતુ છેલ્લે ધાર્યું ધણીનુ થાય તેવા સંજોગો ઊભા થવાના અણસાર પણ જણાઈ રહ્યા છે.ત્યારે જોઈએ ચૂંટણી જંગ જીતી બહાર આવેલા વિજેતા



ઉમેદવારોની યાદી.

(૧) બાર સાલેડા-રામાભાઈ કોદરભાઈ પારગી ભાજપ, (૨) ભિચોર-સુમિત્રાબેન લાલસિંહભાઈ આમ આદમી પાર્ટી, (૩)છાલોર-સકુડીબેન રંગાભાઈ પારગી આમ આદમી પાર્ટી,(૪)ડુંગર- કમળાબેન રત્નાભાઇ પારગી ભાજપ,(૫) ફતેપુરા-હિતેશભાઈ જયંતીભાઈ બરજોડ કોંગ્રેસ,(૬)ધુધસ-મધુબેન ભરતભાઈ પારગી ભાજપ,(૭) ઈટા- સરલાબેન સુભાષભાઈ પારગી ભાજપ,(૮)કરમેલ-મીનાક્ષીબેન વાલસિંગભાઈ પારગી આમ આદમી પાર્ટી,(૯)કરોડિયા પૂર્વ-વર્ષાબેન ધર્મેન્દ્રભાઈ ચરપોટ કોંગ્રેસ,(૧૦)માધવા-સુરેખાબેન ભરતભાઈ પારગી કોંગ્રેસ,((૧૧) મોટી નાદુકણ- અલ્પાબેન પંકજભાઈ ડામોર ભાજપ,(૧૨)મોટીરેલ પૂર્વ- વિક્રમભાઈ મંગળાભાઈ કટારા કોંગ્રેસ,(૧૩)સલરા-૧ અજયભાઈ લક્ષ્મણભાઈ પારગી અપક્ષ,(૧૪) સલરા ૨-જીગ્નેશભાઈ મોધજીભાઈ પારગી આમ આદમી પાર્ટી,(૧૫) વડવાસ-વિક્રમભાઈ ગણેશભાઈ ચૌહાણ આમ આદમી પાર્ટી,(૧૬) વાંદરીયા પૂર્વ-રીન્કુબેન અશ્વિનભાઈ ડીંડોર અપક્ષ,(૧૭)વાંગડ-દિનેશભાઈ કસવાભાઈ પારગી ભાજપ,(૧૮)વટલી- રાકેશભાઈ અભેસિંગભાઈ મછાર ભાજપ નાઓ ફતેપુરા તાલુકા પંચાયત બેઠકો ઉપર વિજેતા જાહેર થયેલ છે.

આમ ફતેપુરા તાલુકા પંચાયત બેઠકો ઉપર સાત ભાજપ,બે અપક્ષ,પાંચ આમ આદમી પાર્ટી તથા ચાર બેઠકો ઉપર કોંગ્રેસે કબજો જમાવ્યો હોવાનું જાણવા મળે છે. અને તાલુકા પંચાયત બોડી બનાવવા કઈ રાજ રમત રમાશે તે જોવું રહ્યું. જ્યારે ફતેપુરા તાલુકાની ત્રણ જિલ્લા પંચાયત બેઠકોમાં સલરા બેઠક ઉપર ભાજપના શાંતાબેન મુકેશભાઈ પારગીએ જીત મેળવી છે.

### મતદાન મથકેથી નિરાશ થઈને પરત ફર્યા હતા

# દાહોદમાં ફોર્મ નં.-૭ નો ભોગ બનેલા ૭ હજાર મતદારો વેરિફિકેશન છતાં મતાધિકારથી વંચિત

**ચૂટણીના દિવસે રાજકીય પક્ષોના ટેન્ટો પર હજારો લોકો પોતાની કાપલી શોધવા માટે મથામણ કરતા જોવા મળ્યા**

(પ્રતિનિધિ) દાહોદ, તા.29
દાહોદ શહેરમાં ૨૬ એપ્રિલે યોજાયેલી ચુંટણીમાં એક તરફ મતાધિકારનો ઉત્સાહ જોવા મળ્યો હતો. પરંતુ બીજી તરફ વહીવટી તંત્રની એક ગંભીર ક્ષતિને કારણે અંદાજે ૭,૦૦૦ જેટલા મતદારો પોતાના પવિત્ર મતાધિકારથી વંચિત રહી ગયા છે. આ મતદારો પાસે માન્ય ચુંટણી કાર્ડ હોવા છતાં મતદાર યાદીમાં નામ ન હોવાથી તેઓ મતદાન કરી શક્યા નહોતા.

આ સમગ્ર વિવાદની શરૂઆત ફેબ્રુઆરી માસમાં થઈ હતી. સરની કામગીરી દરમિયાન દાહોદ શહેરમાં આશરે ૭,૦૦૦ લોકોના નામના તેમની જાણ બહાર જ બારોબાર ફોર્મ નં.-૭ ભરી દેવામાં આવ્યા હતા. વિવાદ વધતા વહીવટી તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. અને બી.એલ.ઓ.ને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા. આ કર્મચારીઓએ ઘરે ઘરે જઈને રૂબરૂ તપાસ કરી હતી. અને ખાતરી કરી હતી કે, આ તમામ ૭,૦૦૦ મતદારો પોતાના સરનામે જ હયાત છે અને ક્યાંય સ્થળાંતરિત થયા નથી. વેરિફિકેશન સમયે મતદારોને આશ્વાસન અપાયુ હતુ કે, ચુંટણી માટેની આખરી મતદાર યાદી પ્રસિદ્ધ થઈ છે. બી.એલ.ઓ.ના રૂબરૂ વેરિફિકેશન છતાં આ ૭,૦૦૦ લોકોના નામ યાદીમાં સમાવાયા નહોતા. પરિણામે ૨૬ મી તારીખે મતદાનના દિવસે અનેક નાગરિકો હાથમાં ચુંટણી કાર્ડ હોવા છતાં મતદાન મથકેથી નિરાશ થઈને પરત ફર્યા હતા. મતદાન મથકોની બહાર રાજકિય પક્ષોના ટેન્ટો પર હજારો લોકો પોતાની કાપલી શોધવા માટે મથામણ કરતા જોવા મળ્યા હતા. પરંતુ વિલા મોઢે પાછા ફર્યા હતા.

# હાલોલ તાલુકાના બામણ કુવાની ખીણમાં નાહવા પડેલા યુવાનનું મોત



(પ્રતિનિધિ) હાલોલ, તા.29
પ્રાપ્ત માહિતી અનુસાર હાલોલ તાલુકાના બામણ કુવા શિવરાજપુર બામણ કુવાની ખીણમાં પોતે નવા પડ્યો હતો અને પાણીમાં ગડકાવ થઈ ગયો હતો તેથી તે પાણીની અંદરથી બહાર આવી શક્યો નહીં તેથી હાલોલ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હાલોલ ફાયર બ્રિગેડ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જઈ ગુજરાત સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસ દ્વારા આપવામાં આવેલ એઆઈ સોનાર સિસ્ટમની મદદથી ગણતરીના સમયમાં યુવાનનો મૃતદેહ બહાર કાઢી લેવામાં આવ્યો હતો મૃતક પામનાર યુવાન પ્રકાશભાઈ પ્રવીણભાઈ બારીયા ઉંમર વર્ષ 22 બામણ કુવા, શિવરાજપુર તાલુકા હાલોલ જેના કુટુંબીજનોમાં ખૂબ જ આઘાત સાથે શોક પ્રસરી ગયો હતો.

# ચેક રીટર્ન ફરિયાદમાં કાયદેસરનું લેણું પુરવાર ન થતા હાલોલ કોર્ટે આરોપીને નિર્દોષ છોડી મુક્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.29
હાલોલના એશિયાડનગરમાં રહેતા રામેશ્વર રામસ્વરૂપ લાંબા એ મિત્રતા ના સંબધો હોય હુસેની પાર્ક હાલોલના સમસુદ્દીન ગુફુરશા દિવાનને મે ૨૦૨૨ મા ૧,૨૦,૦૦૦/ રૂ હાથ ઉછીના આપ્યા હતા જે પેટે આરોપીએ આપેલ ચેક બેંકમાં જમા કરાવતા,₹એકાઉન્ટ ક્લિઝડ₹ ના શેરા સાથે રિટર્ન થયો હતો જે બાબતે હાલોલના એડી ચીફ જ્યુ મેજિસ્ટ્રેટ સમક્ષ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી. જે કેસ પુરાવામાં આવતા આરોપી તરફે એડવોકેટ એ એસ દિવાન હાજર રહી દલીલો કરી હતી.આરોપી અને ફરિયાદી મિત્રતા ના નાતે એકબીજાના ઘરે આવવા જવાનો પ્રસંગ બનતો ન હોય પોતે આરોપીના પત્ની અને બાળકો ના નામ જાણતો નથી તેવુ સ્વીકારી ને બીજી તરફ ૨૦૧૮ મા મહિલાઓને લોન આપવાનુ કામ કરતો હોવાનુ પણ સ્વીકાર કરતો નથી ત્યારબાદ વધુ ઊલટ તપાસમાં પોતે મહેન્દ્રભાઈ ના હાથ નીચે મહિન્દ્રા ફાઈનાન્સ મા નોકરી કરતા હતા અને મહિલાઓને લોન આપવાનુ કામ કરતા હોવાનુ સ્વીકારે છે. પોતે આરોપીના પત્ની સહેનાઝબાનુ ને મારફતે મહિલાઓને લોન આપતા હોવાનું અસ્વીકાર કરે છે. બીજી તરફ આરોપીના પત્ની સહેનાઝબાનુ ના પુરાવામાં જણાવેલ કે અલગ અલગ મહિને ધિરાણ કરાવેલ હોવાથી ફરિયાદીએ પોતાના અને પોતાના પતિના પાંચ જેટલા કોરા સહી વાળા ચેક મેળવેલા જેનો ઉપયોગ કરી હાલનો કેસ કરેલ છે. ફરિયાદ પક્ષે કરેલ ઊલટ તપાસમાં આરોપી અને તેની પત્ની સાથે ફરિયાદિને સારા સંબંધો હતા અને અવારનવાર તેના ઘરે જતા હોવાનું બહાર આવ્યુ હતુ વધુમાં ફરિયાદી પોતે પોતાની આર્થીક ક્ષમતા પણ પુરવાર કરી શકેલ નથી તમાંમ વિગતે આરોપી તરફે એડવોકેટ એ એસ દિવાન ની દલીલો ગ્રાહ્ય રાખી હાલોલના એડી ચીફ જ્યુ મેજિસ્ટ્રેટ આર બી જોશીએ આરોપી સમસુદ્દીન ગુફુરશા દિવાનને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો આદેશ આપ્યો છે.

## હાલોલમાં શ્રીસાંઈમંદિરખાતે ભક્તિભાવથી ૧૩મો પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી



**હાલોલ :** હાલોલ પાવાગઢ રોડ સ્થિત પવિત્ર શ્રી સાંઈ મંદિર ખાતે અતિ ભક્તિભાવ, શ્રદ્ધા અને સમર્પણ સાથે ૧૩મો પાટોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. દિવસભર વિવિધ ધાર્મિક કાર્યક્રમો, પૂજા-અર્ચના, આરતી તેમજ ભક્તિમય વાતાવરણમાં ભક્તોએ ભાગ લઈ આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો હતો. આ પવિત્ર પ્રસંગે સાંજના સમયમાં યોજાયેલી શ્રી સાંઈ ભજન સંધ્યા ખૂબ જ ભાવસભર અને મનોહર રહી હતી. ભજન-કીર્તનના મધુર સ્વરો વચ્ચે ભક્તો ભક્તિરસમાં લીન થઈ ગયા હતા અને સમગ્ર પરિસર "ૐ સાઈરામ" ના ગુંજતા નાદથી ગુંજી ઉઠ્યું હતું. આ કાર્યક્રમમાં રોહિતભાઈ પટેલ, ડો. ગિરીશ ચાસ્કર, જીતુભાઈ સોની સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ બહોળા પ્રમાણમાં ભક્તોએ હાજરી આપી કાર્યક્રમને ભવ્યતા આપી હતી.

# કાલોલ કોલેજમાં શાંતિપૂર્ણ માહોલમાં મતગણતરી સંપન્ન થતાં તંત્રને હાંશકારો

(પ્રતિનિધિ) કાલોલ, તા.29
કાલોલ જિલ્લા પંચાયત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર (સ્ટેમ્પ ડ્યુટી) પંચમહાલ ડો. એમ.કે. ડોડીયા, કાલોલ મામલતદાર વિકાસભાઈ પટેલ તેમજ તાલુકા વિકાસ અધિકારી આર.પી. પ્રજાપતિ સહિતની ટીમ દ્વારા મતગણતરીની પ્રક્રિયા સુચારુ રીતે હાથ ધરવામાં આવી હતી અને ડેપ્યુટી કલેક્ટર, મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી સહિત સમગ્ર ચૂંટણી તંત્ર દ્વારા મતગણતરી શાંતિપૂર્ણ માહોલમાં અને કોઈ પણ વિવાદ વિના સંપન્ન થાય તે માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. ચૂંટણી પંચની ગાઈડ લાઈન મુજબ ટીમ અને મતગણતરી સ્ટાફની નિમણૂકમાં બધા વર્ગના કર્મચારીઓને સામેલ કરવામાં આવ્યા હતા જ્યાં એમ.એમ.ગાંધી



આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતેના મતગણતરી કેન્દ્ર પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે CCTV કેમેરાની નિગરાની હેઠળ સમગ્ર પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવી હતી. કાલોલ જિલ્લા પંચાયતના ચૂંટણી અધિકારી ડો.એમ.કે. ડોડીયાએ જણાવ્યું કે, ચુંટણી પંચના નિયમોનું ચુસ્તપણે પાલન કરીને ચૂંટણી પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી જ્યાં મતગણતરી કેન્દ્ર ખાતે આરોગ્ય વિભાગ દ્વારા મેડિકલ ટીમ સાથે પ્રાથમિક સારવાર અને આરોગ્યલક્ષી સુવિધાઓની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

## દાહોદ જિલ્લામાં દેવગઢ બારિયામાં નગરપાલિકાના મીટિંગ હોલમાં આગ લાગતા અફરાતફરી



**દેવગઢબારિયા :** દાહોદ જિલ્લાના દેવગઢ બારિયામાંથી એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. દેવગઢ બારિયા નગરપાલિકાના મીટિંગ હોલમાં અચાનક આગ લાગવાની ઘટના બનતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. મળતી માહિતી મુજબ, મીટિંગ હોલમાં લગાવવામાં આવેલા એસીમાં શોર્ટ સર્કિટ થવાને કારણે આગ લાગી હતી. ઘટનાની જાણ થતા જ નગરપાલિકા તંત્ર અને સ્ટાફ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને ઝડપી કામગીરી હાથ ધરી હતી. સમયસર આગને કાબૂમાં લઈ લેવામાં આવતા મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી. નગરપાલિકાના મહત્વપૂર્ણ દસ્તાવેજો અને રેકોર્ડ પણ સુરક્ષિત રહ્યા છે, જેના કારણે કોઈ મોટું આર્થિક કે વહીવટી નુકસાન થયું નથી. હાલ પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબૂમાં છે

### ગોધરા તાલુકા પોલીસે તેરા તુજકો અર્પણ અભિયાન

# રૂ. 1 લાખથી વધુની કિંમતના ગુમ થયેલા 5 મોબાઈલ શોધી મૂળ માલિકોને પરત કર્યા

**પોલીસે ટેકનિકલ માહિતીના આધારે અલગ-અલગ જગ્યાએથી કુલ પાંચ મોબાઈલ ટ્રેસ કરીને રિકવર કર્યા**



(પ્રતિનિધિ) ગોધરા, તા.29
પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુમ થયેલા મોબાઈલ ફોન શોધી કાઢીને તેરા તુજકો અર્પણ અભિયાન હેઠળ અરજદારોને પરત સોંપવાની કામગીરી ગોધરા તાલુકા પોલીસ દ્વારા કરવામાં આવી છે. પોલીસે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને કુલ રૂ. ૧,૦૬,૯૯૭ ની કિંમતના ૫ અલગ-અલગ કંપનીના મોબાઈલ શોધી કાઢ્યા છે અને તેના મૂળ માલિકોને પરત કરીને તેમના ચહેરા પર ખુશી પાછી લાવી છે. પંચમહાલ-ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધી ચૌધરી તથા પંચમહાલ જિલ્લાના પોલીસ અધિક્ષક ડૉ. હરેશભાઈ દુધાત દ્વારા જિલ્લામાં મોબાઈલ ગુમ થવાના અને ચોરીના બનાવો અટકાવવા તથા તેને શોધી કાઢવા ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચનાઓના આધારે ગોધરા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક બ્રિન્દા જાડેજાના માર્ગદર્શન હેઠળ ગોધરા તાલુકા પોલીસ ઈન્સ્પેકટર એ.વાય. પટેલે ગુમ થયેલા મોબાઈલની અરજીઓ પર ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની ટીમે આ અરજીઓ ' સંચાર સાથી પોર્ટલ પર અપલોડ કરી હતી અને ત્યાંથી મળેલી સચોટ ટેકનિકલ માહિતીના આધારે અલગ-અલગ જગ્યાએથી કુલ પાંચ મોબાઈલ ટ્રેસ કરીને રિકવર કર્યા હતા. પોલીસ દ્વારા જે ૫ મોબાઈલ શોધી કાઢવામાં આવ્યા છે તેમાં રૂ. ૧૮,૦૦૦ની કિંમતનો Oppo A5 Pro, રૂ. ૧૯,૯૯૯નો VIVO Y31 Pro, રૂ. ૧૧,૦૦૦નો Redmi 13 C, રૂ. ૩૮,૯૯૯નો Vivo V60e અને રૂ. ૧૮,૯૯૯ની કિંમતનો Galaxy A14 મોબાઈલ સામેલ છે. મોબાઈલ ગુમ થવાની ફરિયાદ કરનાર અરજદારોને પોલીસ સ્ટેશન બોલાવીને તેમના મોબાઈલ હેમખેમ પરત સોંપવામાં આવ્યા હતા. આ સફળ અને પ્રશંસનીય કામગીરી પોલીસ ઈન્સ્પેકટર એ.વાય. પટેલની રાહબરી હેઠળ પોલીસ સબ ઈન્સ્પેકટર એન.પી. સેલોત, વુમન હેડ કોન્સ્ટેબલ પાયલબેન ડાહ્યાભાઈ અને આઈ.ટી. એક્સપર્ટ જિજ્ઞેશકુમાર પટેલ દ્વારા કરવામાં આવી હતી.

# દાહોદના માડલીમાં વિજય સરઘસ દરમ્યાન હુમલો



(પ્રતિનિધિ) દાહોદ, તા.29
ભાજપના ઉમેદવાર પર હારેલા અપક્ષના વ્યક્તિઓ સામે આક્ષેપ અનેક ઈજાગ્રસ્ત પ્રાથમિક વિગત અનુસાર આ હુમલો મારક હથિયારો વડે કરવામાં આવ્યો હતો જેમાં બન્ને પક્ષો ના કેટલાક કાર્યકરોને ઈજાઓ પહોંચી છે ઘટના ના કારણે તે વિસ્તાર મા તગદીલી નો માહોલ સર્જાયો હતો જોકે ઘટના ની જાણ થતા જ ડીવાય એસ પી સહિત નો પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ ઉપર દોડી આવ્યો હતો અને પરિસ્થિતિને કાબુ માં લીધી હતી.

### દાહોદનગર પાલિકામા વોર્ડ-7માં એક બેઠક મેળવવા ભાજપના ધમપછાડા

# ત્રણ ત્રણ વખત રીકાઉન્ટિંગ બાદ પણ કોંગ્રેસની 13 મતે જીત

**બંને ઉમેદવારો વચ્ચે માત્ર ૧૩ મતોનો જ તફાવત હોવાથી બંને પક્ષોના સમર્થકોની મતદાન મથકમાં દોડધામ વધી ગઈ હતી**

(પ્રતિનિધિ) દાહોદ, તા.29
સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતગણતરીની પ્રક્રિયા ગઈ કાલે હાથ ધરવામાં આવી હતી. તે દરમિયાન દાહોદની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં દાહોદ નગરપાલિકા ની ચૂંટણીની મત ગણતરી પ્રક્રિયામાં વોર્ડ નંબર ૭ માં મત ગણતરી દરમિયાન પરિણામ જાહેર કરવા માટે એક વખત નહીં પણ ત્રણ ત્રણ વખત રીકાઉન્ટિંગ કરવાની ફરજ પડી હતી. દાહોદના વોર્ડ નંબર ૭ ના કોંગ્રેસના ઉમેદવાર વ્રજ શાહને ૨૪૩૮ મત મળ્યા હતા. જ્યારે તેમની સામે ભાજપના મેહુલકુમાર પ્રદીપભાઈ શાહને ૨૪૨૫ મત મળ્યા હતા. આમ બંને ઉમેદવારો વચ્ચે માત્ર ૧૩ મતોનો જ તફાવત હોવાથી બંને પક્ષોના સમર્થકોની મતદાન મથકમાં દોડધામ વધી ગઈ હતી અને મત ગણતરી કેન્દ્ર પર ભારે હોબાળો અને પોણો કલાક સુધી ચાલેલા ડ્રામા દરમિયાન ક્યારેક ભાજપ વિજેતા તો ક્યારેક કોંગ્રેસ આગળ હોવાના સમાચાર આવ્યા હતા. આ હાઈ વોલ્ટેજ ડ્રામાના અંતે સતત ત્રણ વાર મતોના રીકાઉન્ટિંગ બાદ કોંગ્રેસના ઉમેદવાર વ્રજ શાહને ૧૩ મતે વિજેતા જાહેર કરાતા કોંગ્રેસ માં ખુશીની લહેર દોડી ગઈ હતી. આજ વોર્ડમાં અન્ય એક બેઠક પર પણ અરાફત માળી એ ૨૬૩૧ મત મેળવીને ભાજપના અલય કુમાર દરજીના ૨૩૧૨ મત સામે ૩૧૯ મતોની સરસાઈથી જીત મેળવી હતી. આમ ભાજપને તેનો ગઢ ગણાતા વોર્ડ નંબર ૭ માં કોંગ્રેસે ચારમાંથી ત્રણ બેઠકો મેળવી લીધી હતી. જ્યારે એક બેઠક પર ભાજપના મહિલા ઉમેદવાર બિનહરીફ જાહેર થયા હતા.